# આનંદનગર પો.સ્ટે ના સ્ટાફના માણસોએ તડીપાર ઇસમની પકડી અટક કરતી

# આનંદનગર પોલીસ અમદાવાદ શહેર

મે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર તથા સંયુકત પોલીસ કમિ.શ્રી સેક્ટર-૧ અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશનર શ્રી ઝોન-૭ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમીશ્નર શ્રી "એન" અમદાવાદ શહેર નાઓની સુચનાથી પોલીસ ઇન્સ્પેકટર શ્રી આનંદનગર પોલીસ સ્ટેશનના માર્ગદર્શન હેઠળ આનંદનગર પો.સ્ટેમાં તડીપાર ઇસમોની તપાસમાં રહેતા જણાવતા આનંદનગર પો.સ્ટેશન વિસ્તારમા સર્વેલન્સ સ્કોર્ડના પોલીસ સબ ઇન્સ્પેક્ટર એમ.એચ.શિણોલ તથા સાથેના સ્ટાફના પો.કો હરપાલસિંહ પ્રભાતસિંહ બનં ૫૯૪૨ તથા પોકો ગભરુભાઇ ધાનાભાઇ બનં ૧૦૨૬૦ તથા પો.કો કિશોરસિંહ અનોપસિંહ બનં ૮૨૪૬ તથા અનાર્મ હેકો શૈલેષભાઇ મોહનભાઇ બનં ૪૫૫૯ તથા બીજા સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમા હતા આનંદનગર સીમા હોલ પાસે આવતા સાથેના સ્ટાફના માણસને બાતમી હકીકત મળેલ કે આરોપી આનંદગીરી ઇન્દ્રગીરી બળવંતગીરી ગોસ્વામી ઉવ ૨૮ રહે- મનં બી/૪૦૨ કનકકલા વિભાગ-૦૨ આનંદનગર ૧૦૦ ફુટ રોડ આનંદનગર અમદાવાદશહેરનાને " જે " ડીવીઝન/હદપ/૨૨૨૨/૨૦૧૯ તા.૧૧/૦૬/૨૦૧૭ થી મહે.મદદનીશ પોલીસ કમિશ્નર જે ડીવીઝન નાઓએ બે વર્ષ માટે અમદાવાદ શહેર તથા અમદાવાદ ગ્રામ્ય ખેડા મહેસાણા ગાંધીનગર જીલ્લાઓમાંથી હદપારી કરેલ હોવા છતા મહે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેરની હકુમતના વિસ્તારમાં વગર પરવાનગીએ પ્રવેશ કરી કનકકલા વિભાગ-૦૨ ના નાકે આવેલ છે જે બાતમી આધારે સદર ઇસમ મળી આવતા સદરી ઇસમ વિરુધ્ધ ધી જી.પી.એક્ટ કલમ ૧૪૨ મુજબ કાયદેસર કાર્યવાહી કરેલ છે.તા.૧૪/૧૦/૨૦૧૯